સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

થયા છે સૌ સાવચેત જનતા જાગવામાં છે!
શોધાઈ ગયા છે શસ્રો કોરોના ભાગવામાં છે!
નાથવામાં છે તબીબી-કૃષ્ણો 'કાળી-નાગ' ને -
ફરી આપણું સ્વર્ણિમ પ્રભાત ઉગવામાં છે...
(કોરોનાનો મૃત્યુઘંટ હાથવેંતમાં)

હાઈકુ

જનતા જાગી -
ને મહામારી ભાગી,
શક્તિને તાગી...

દેખાતો સાપ -
થઈ ગયો સિંદરી -
થયો પ્રકાશ...

(જન જાગૃતિનો પ્રભાવ)

ચિંતન

અકૃત્વા પરસન્તાપં અગત્વા ખલનમ્રતામ્ ।
અનુત્સૃજય સતાં માર્ગં યદલ્પમપિ તદ્ બહુ ॥

ઉપરોક્ત શ્લોક 'સુભાષિત રત્નાવલી'માંથી લેવામાં આવેલ છે.

પારકાને કોઈ પણ પ્રકારનું કષ્ટ આપ્યા વિના અને દુર્જનોની સામે માથું નમાવ્યા વિના સજ્જનતાના માર્ગથી તસુભર હટ્યા વિના જે કાંઈ સ્વલ્પ મળે તેનાથી સંતોષ પામી જે જીવે છે તેનું જીવન સાર્થક છે.

પારકાં - અન્ય લોકોને કોઈ કષ્ટ આપીને જો કંઈ મેળવવાનું હોય તો એવી વસ્તુની અપેક્ષા ન રાખવી જયાં સુધી જાતે પાણીનો પ્યાલો ભરી શકાય તેમ હોય ત્યાં સુધી જાતે જ 'આત્મનિર્ભર' રહેવું.

જીવનમાં પોતાના પરિશ્રમથી જે કંઈ થોડું પણ મળે એમાં સંતોષ માનવો જોઈએ.

સુવિચાર

- કુછ યું હો રહા હૈ રિશ્તોં કા વિસ્તાર... જિતના જીસસે મતલબ, ઉતના ઉસસે પ્યાર - **અનિરુદ્ધ સાહની**
- જે દેશમાં મફત પાણીની પરબ ઉપર રહેલા ખાલી ગ્લાસમાં પણ સાકળ બાંધવી પડે તે દેશમાં સરકાર નહિં માણસના વિચારોને બદલવાની જરૂર છે - **અખંડ આનંદ**
- દરેક નિષ્ફળતામાં ફાયદાનાં બીજ હોય છે - **નેપોલિયન હિલ**
- જયારે પાછા ફરી શકાય તેમ નથી હોતું, ત્યારે આગળ કઈ રીતે જઈ શકાય તેની ચિંતા કરવી જોઈએ - **સંત રોબિન**
- જીવનની છેલ્લી પળોમાં ખ્યાલ આવે છે કે સંબંધો જ સર્વસ્વ છે, ડહાપણ એટલે આ સત્યને વહેલું જાણી લેવું - **એરિક વોરન**
- જે લોકો બદલાઈ નથી શકતા, તેઓ પોતા માટે અને આસપાસના માટે પીડા ઊભી કરે છે : **સ્પેન્સર જહોન્સન**
- આજનું ઔષધ : દસ ગ્રામ તજ પાઉડરને ૩૦૦ મિલિ પાણીમાં દસ મિનિટ ઉકાળી તેમાં બે ચમચી મધ ઉમેરી પીવાથી શરદી, ખાંસીમાં તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અમેરિકાના સંસ્થાપકો માના એક મહાન લેખક, મુદ્રક બેન્જામિન ફ્રેંકલીને પોતાના મિત્રને કેટલાક સોનાના સિક્કા આપતા કહ્યું, 'મહાશય, લે આ તારી રકમ, જે મેં તને આપી હતી.' પેલા મિત્રને ઉછીના પૈસાની વાદ યાદ ન હતી આથી બેન્જામિનને તેને યાદ દેવડાવતા કહ્યું, 'હું જયારે સમાચારપત્ર છાપતો હતો. ત્યારે મારી તબિયત અચાનક બગડી હતી. અને એ છાપું બંધ થઈ ગયું હતું તે વખતે મારી આર્થિક મુશ્કેલીમાં મેં તમારી પાસેથી રકમ લીધી હતી. તે આ રકમ વ્યાજ સહિત સ્વીકારો અને મને ઋણમુક્ત કરો.' મિત્રએ કહ્યું, 'એ વખતે મારી પાસે તમને મદદ થઈ શકે તેટલી વધારાની રકમ હતી. જે તમને મેં આપી હતી. મારી એ નૈતિક ફરજ હતી કે હું આપને મદદ કરું... મારે હાલ એ પૈસાની જરૂર નથી પણ મારા તરફથી તમારી પાસે મદદ માગવા કોઈ આવે તો તમે એને એ રકમ આપી દેજો, અને તમે પણ આ રકમ પરત લેતા નહીં અને એ લનારને કહેજો કે મુશ્કેલીમાં ફસાયેલ કોઈ વ્યક્તિને એ રકમ આપી દે અને એમ આગળ આ પ્રક્રિયા ચાલુ રહે. આવું કરવાથી આપણા પરોપકારનો આ ક્રમ ચાલતો રહેશે. અને ખરેખર જરૂરિયાતમંદોને આ મદદ મળતી થશે. જીવનમાં સાચા આનંદની અનુભૂતિ માત્ર માનવીય સંવેદનાઓ થકી જ થાય છે.' જો આ સોના મહોરો બેન્જામિનના મિત્રએ સ્વીકારી લીધી હોય તો એ એવો આનંદ ન આપી શકત જે આનંદ અન્ય જરૂરિયાતમંદોની મદદ કરવાની મળત.

પાકિસ્તાનની લાચારી કે લુચ્ચાઈ

તંત્રીસ્થાનેથી...

આખરે પાકિસ્તાને એના આશ્રયે રહેતા અને પોષાતા તથા પાકિસ્તાનની અર્થવ્યવસ્થાનો આધારસ્તંભ બની રહેલા દાઉદ ઈબ્રાહીમ જેવા ભારતનાં 'નંબર વન વોન્ટેડ'નાં ત્રણેક રહેઠાણો તથા અનેક પાસપોર્ટોની વિગતો જાહેર કરવી પડી છે. આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ 'એફએટીએફ' સંસ્થાના સર્વેક્ષણમાં પાકિસ્તાન 'ગ્રે' કેટેગરીમાં ચાલી રહ્યું છે અને હજી વધુ ઢીલ મૂકે તો 'બ્લેક કેટેગરી'માં પહોંચી જવાની શક્યતા હતી. જૂન ૨૦૧૮થી પાકિસ્તાન 'એફએટીએફ'ની ગ્રે યાદીમાં મુકાયું હતું અને ૨૦૧૯ના અંત સુધી એને સુધરી જવાની તક અપાઈ હતી. દુનિયાભરમાં હાહાકાર મચાવી દેનાર કોવિડ-૧૯ના સંદર્ભે આ ડેડલાઈન લંબાવાઈ હતી. ઓગસ્ટ, ૨૦૧૮માં પાકિસ્તાને ૨૬/૧૧ના મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ જમાત-ઉલ-દાવાના વડા હાફિઝ સઈદ, જૈશ-એ-મોહંમદના વડા મસૂદ અઝહર અને અંડરવર્લ્ડ માફઈયા દાઉદ ઈબ્રાહીમ પર નિયંત્રણો લાદવાનું નાટક કર્યું હતું. હવે એણે કુલ અઠ્યાસી (૮૮) આતંકીઓનાં નામઠામ જાહેર કરી એમની મિલકતો અને બેન્ક ખાતાં હસ્તગત કરવાની જાહેરાત કરી છે. એમને વિવિધ ખતરનાક આતંકવાદી સંગઠનોની સાથે સંબંધ હોવાનું પણ કબૂલ્યું છે. ૧૯૯૩માં થયેલા મુંબઈ બોમ્બ બ્લાસ્ટમાં દાઉદ મુખ્ય આરોપી હતો. આટલાં વર્ષો પછી પણ પાકિસ્તાને એ કરાંચીમાં આર્મી વસાહત નજીક રહેતો હોવાનું કબૂલ્યું છે. વળી એ વિવિધ નામ-ઉપનામ ધરાવતો હોવાનું અને એની પાસે ભારત, પાકિસ્તાન અને દુબઈ સહિતના ચૌદ પાસપોર્ટ હોવાનું પણ કબૂલ્યું છે. આમ, આતંકવાદનું પારણું બની રહેલા પાકિસ્તાનને થર્ડ ડિગ્રી ટ્રીટમેન્ટ પછી અપરાધી ફટાફટ ગુનાઓ કબૂલવા લાગે એમ પોતાની આ કાળી સાઈડનો ખુલાસો કરવો પડ્યો છે. આ તમામ આતંકવાદીઓ અને એમનાં સંગઠનો સામે કડક પગલાં લેવાઈ રહ્યાનો પાકિસ્તાનનો દાવો અલબત્ત, ગળે ઊતરે એવો નથી, પરંતુ ફાઈનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ એને 'ગ્રે'માંથી બ્લેક કેટેગરીમાં લઈ જાય એ પહેલાં એને આવી જાહેરાત કરવાની ફરજ પડી છે. આર્મી, આઈએસઆઈ અને ધનકુબેર રાજકારણીઓના ત્રિવિધ સકંજામાં સપડાયેલું પાકિસ્તાન અગાઉ ભારતનો જ ભાગ હતું અને સમૃદ્ધ પ્રદેશ તરીકે બ્રિટિશ ઈંડિયામાં એના શાસન હેઠળના કરાંચી (સિંધ) અને લાહોર (પંજાબ)ની બોલબાલા હતી. અત્યારે એ જ પાકિસ્તાન ફટક દેવાળિયું બની ચૂક્યું છે. લોકશાહીના નામે માત્ર આર્મી-આઈએસઆઈ અને માલેતુજાર નેતાઓ બલકે ગણ્યાં ગાઠ્યાં બે-ચાર કુટુંબોની બોલબાલા ચાલે છે. પાકિસ્તાનમાં ઉફરા મનથી જોડાયેલું બલુચિસ્તાન એનાથી છૂટવા ફાંફાં મારે છે. એની પૂર્વ પાંખ તો છેક ૧૯૭૧માં જ શેખ મુજીબુર રહેમાનનાં નેતૃત્વમાં શરૂ થયેલા આઝાદીના આંદોલનને ઈંદિરા ગાંધીના શાસન હેઠળના ભારતનો ટેકો મળતાં સ્વતંત્ર 'બાંગ્લાદેશ' બની ગયેલ છે. એનું વેર વાળવા પાકિસ્તાન કાશ્મીર ઉપર ડોળો રાખતું રહ્યું છે અને ભારત વિરુદ્ધ પ્રોક્સીયુદ્ધ ચલાવતું રહ્યું છે. કાશ્મીરનો પાક હસ્તકનો પ્રદેશ જે 'આઝાદ કાશ્મીર' તરીકે ઓળખાય છે એને હણ હસ્તગત કરવાની ભારતે દર્શાવેલી મંશા પછી પાકિસ્તાન ગભરાઈ ગયું છે. અમેરિકા સહિતના સમૃદ્ધ દેશોએ પાકિસ્તાનને મદદ કરવાનું બંધ કરી દીધું છે એથી હવે એ ચીનના ખોળે જઈને બેઠું છે. ખુદ ઈસ્લામિક રાષ્ટ્રો પાકિસ્તાનને આતંકવાદના પારણા તરીકે સ્વીકારતાં થઈ ગયાં છે. છેલ્લે સાઉદી અરબે કરડી નજર કર્યા પછી સ્વાભાવિક રીતે જ પાકિસ્તાન માટે સાવ જ એકલાઅટૂલા પડી જવાની સ્થિતિ સરજાઈ છે. ઈરાન અને ચીન વચ્ચેની ધરી બની એ અમેરિકા સહિતની બાકીની દુનિયા સામે ઝઝૂમવા માગતું હોય તો એ ખાંડ ખાય છે. એને આંતરરાષ્ટ્રીય નાણાકીય સહાય મળતી બંધ થઈ જાય તો પાકિસ્તાનની પ્રજાને ભૂખે મરવાના દિવસ આવી શકે છે. કુખ્યાત આતંકવાદી ઓસામા બિન લાદેનને પાકિસ્તાને જ આશ્રય આપ્યો હતો તે બાબત જાહેર થઈ ગયા પછી દુનિયામાં એની કશી જ ઈજ્જત રહેવા પામી નથી. પરંતુ મિયાં લપસી પડ્યા તોય ટંગડી ઊંચી રાખવાની કૂટનીતિ મુજબ પાકિસ્તાન ભારતમાં આતંકવાદ ફેલાવવાના એના ઈરાદા દિવસે દિવસે વધુ ને વધુ બુલંદ કરી રહ્યું છે, જેના પુરાવા ઉત્તરપ્રદેશથી લઈ ગુજરાત અને કાશ્મીર સુધીની તાજેતરની ઘટનાઓમાં મળી રહે છે.

આધાર સામાન્ય ગણાતા બંધારણની કલમ ૧૪ ના ભંગ સમાન ચુકાદો

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

સર્વોચ્ચ અદાલતે ચાર વિરૂધ્ધ એક મતથી આધાર કાર્ડને માન્યતા બક્ષી જનતાને નિરાધાર બનતી બંધારણની કલમ ૧૪ તથા ૧૧૦ના નિયમના છડેચોક ઉલ્લંઘનને લીલી ઝંડી આપતો ચુકાદો આપી જનતાના અધિકાર ઉપર તરાપ મારેલ છે. બેન્ક ખાતા તથા મોબાઈલ નંબર માટે આધાર કાર્ડ ફરજીયાત નથી બીજી ઓળખપત્રો જેવા કે ચૂંટણી કાર્ડ, ડ્રાયવીંગ લાસન્સ પહેલાની માફક માન્ય ગણાશે પરંતુ સવાલ એ છે કે જે બેન્ક ખાતા આધાર કાર્ડથી લીંક કરેલ છે તે બેન્કો અનલીંક કરી શકશે? જે મોબાઈલ કંપનીઓએ ગ્રાહકોના ડેટા સેવ કરેલ છે તે ડિલીટ કરશે કે પ્રાઈવેટ કંપનીને ડેટા વેચશે?

ઈન્ટરનેટ ઉપર વિવિધ સેવાઓ આપતી કંપનીઓ તેના ગ્રાહકોના અધિકારનો છડેચોક ભંગ કરે છે પરંતુ ગ્રાહકોને તેના અધિકારનો ભંગ થયાની ઘણી જ મોડી ખબર પડતા આવી કંપનીઓ ઉપર પગલા ભરી શકતા નથી.આધાર કાર્ડનો બે વાતમાં વિરોધ જનતાએ નોંધાવેલ એક પ્રાથમીકતાના અધિકાર અને બીજો સરકારે ખરડાને મનીબીલ તરીકે પસાર કરી ખોટો ઉપયોગ કર્યો. ગયા વર્ષે સુપ્રિમ કોર્ટે નવ ન્યાયાધીશની બેચે નિજતાને અધિકારનો મુળભુત અધિકાર ગણી ચુકાદો આપેલ જે કેસમાં પાંચ જજોની કમીટીએ ચાર વિરૂધ્ધ એકથી ચુકાદો પસાર કરી આધારને બેન્ક અને મોબાઈલ સેવામાં મરજીયાત કરતો ચુકદો આપી આધારને માન્ય ગણેતો હુકમ આપેલ છે. વ્યક્તિની માહિતીનો ત્રાહિત પાર્ટી, ખાનગી વેન્ડર્સ દ્વારા દૂર ઉપયોગ થવાની ૧૦૦ ટકા ખાત્રી હોવા છતાં જનતાના નિજતાના અધિકાર ઉપર બંધારણની કલમ ૧૪ ના ભંગ સમાન હુકમ આપેલ છે તેમજ પ્રાયવેસી એકટ તથા બંધારણની આર્ટીકલ ૧૧૦ના વિસંગત ચુકાદો નિષ્ણાંતોએ ગણેલ છે.

યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ કબુલ્યું છે કે નાગરિકોના જે ડેટા સંગ્રહે છે તે નિજતાના અધિકાર બંધારણની કલમ ૧૪ ના ભંગ સમાન છે આઈટી એકટમાં તેનો દુરઉપયોગ બેન્ક સાથે ડેટા લીંક થવાથી વ્યક્તિના ખાતાની માહિતી લીંક થાય છે બંધારણીય ખાતરીઓને શકયતાઓને અલગોરીધમ અને ઈકોલોજીકલ ચડાણ ઉતારના ભરોસે ના છોડી શકાય. હજુ પણ નિજતાના અધિકાર બાબતે નવા ડેટા લીંક બાબતે સંખ્યાબંધ કેસો થવાના જ છે આ અધિકાર અંગે કાનૂની સમજ ઘડતી જશે ઈન્ટરનેટ ઉપર વિવિધ સેવાઓ આપતી બહુરાષ્ટ્રીય કંપનીઓ તેના ગ્રાહકોના અધિકારનો છડેચોક ભંગ કરે છે જેના ભંગ થયાની ગ્રાહકોને તો લગભગ ખબર જ પડતી નથી અને ખબર પડે તો પણ મલ્ટીનેશલ કંપની સામે વ્યક્તિગત રીતે કાનૂની લડાઈ જીતી શકે તેવી પરિસ્થિતિ હોતી નથી જેનો લાભ મલ્ટીનેશલ કંપનીઓ ગ્રાહકોના ડેટા અન્ય જગ્યાએ વેચી ભરપુર લાભ ઉઠાવે છે અત્યારે કંપનીઓ બેન્કો ગ્રાહકોની અઢળક માહિતી મેળવી પ્રાઈવેટ કંપનીઓ તે ડેટા વેચી લાખો રૂપિયા કમાય છે નવા ઉત્પાદનો વેચવા ગ્રાહકોની જરૂરીયાત હોય તે પ્રમાણે બાયોડેટાના બલ્ક બનાવી વેચાણ કરવામાં આવે છે રેડીમેટ ડેટાના કંપનીઓ મોં માગ્યા દામ ચુકવે છે જેનો ભોગ જનતા બને છે.

હવે આધાર એક કાયદો બન્યો હોય તેની જોગવાઈઓને અદાલતમાં પડકારી શકાશે તથા નુકશાન વળતર પણ મેળવી શકાશે અત્યાર સુધી આધારનો અધિકાર માત્ર યુઆઈડીએઆઈના અધિકારીઓ ને જ હતો આમ નજીકના ભવિષ્યમાં આધારના ડેડાનો એકટને પડકારતી અરજીઓ કોર્ટમાં આવશે. સરકારે આ બીલને મની બીલ નાણા ખરડા તરીકે સંસદમાં મંજુર કરાવી લાગુ કરાવી સંસદીય ધારાધોરણનો ભંગ કર્યો છે. મની બીલને મંજુર કરવા રાજયસભાની મંજુરીની જરૂર ના રહેતા ભાજપ લોકસભામાં બહુમતીના જોરે આ બીલને નાણા બીલ તરીકે મંજુરી આપી નિજતાના અધિકાર તથા બંધારણીય કલમ ૧૪ ના ભંગ સમાન બીલ બહુમતીના જોરે પાસ કરાવી દીધેલ. ઘણીવાર લોકસભામાં મંજુર થયેલ ખરડો રાજયસભામાં બહુમતીના અભાવે અટકી ગયો હોય દા.ત. ટ્રીપલ તલાક ખરડો લોકસભામાં મંજુર થયેલ પરંતુ રાજય સભામાં અટકતા મોદી સરકારે ખરડાને વટહુકમ બહાર પાડી મંજુર કરેલ.

આધાર કાર્ડની માન્યતાનો મામલો ૨૦૧૬ માં મનીબીલ તરીકે રાજયસભામાં મોકલી આપેલ છે જેમાં કોગ્રેસની બહુમતી હોય બીલને સાત જજોની કમીટીમાં સુપ્રિમમાં મોકલી નિર્ણય કરાવવાનો પેંતરો ઘડાયો

અનુસંધાન પાના નં ૭ પર

આપણી મનોવૃત્તિ આપણે પોતે જ બદલી શકીએ

WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ,
ઘાસચારની પાસ પણ વિશ્વપતિનો વાસ.
ભોંયમાં પેસી ભોંયરે કરીએ કાંઈ વાત,
ઘડીએ મનમાં ઘાટ, તે જાણે જગનો તાત !

- દલપતરામ કવિ

કુદરતે રચેલા અનેક સર્જનમાંનું સર્વશ્રેષ્ઠ સર્જન 'માનવી' ને માનવામાં આવે છે. 'માનવી' સર્વશ્રેષ્ઠ હોવાની સાથોસાથ વૈવિધ્યપૂર્ણ પણ છે. પણ કુદરતના રચેલા અન્ય સર્જન અને માનવીમાં એક મોટો તફાવત છે અને આ તફાવત એ છે કે કુદરતના રચેલા અન્ય સર્જન સારા-નરસા, અંદર-બહાર, નજીક-દૂર આ તમામ સંજોગોમાં એકધાર્યા તેમ જ એકસરખા રહે છે. જયારે માનવનું વર્તન વ્યક્તિ અનુસાર, સંજોગો અનુસાર, અનુકૂળતા પ્રમાણે સતત બદલાતું જ રહે છે. વિમલા ઠાકર 'અધ્યાત્મની અગ્નિશિખા' નામના એક પુસ્તકમાં એક સુંદર વાત નોંધે છે :

માનવમાં મૂળભૂત સારપ છે, સદ્દ્ગુણ પ્રત્યે નિષ્ઠા છે, તે સદ્દ્વૃત્તિના પાયા પર સમાજરચના કરવાની છે.

માનવ-માનસ હજુ એવું ને એવું જ ભૂતકાળના બંધનથી જકડાયેલું છે. માનસિક પરિવર્તન એ આજની સૌથી મોટી પાયાની જરૂરિયાત છે. સમાજ માનવતાનિષ્ઠ બને એવું પરિવર્તન લાવવાની જરૂર છે. જીવનમાં સઘળાં ક્ષેત્રોમાં જનશિક્ષણ, જનજાગરણ દ્વારા શુભ સંસ્કારના સિંચનનું આંદોલન ચલાવવું એ જ તરણોપાય છે.

ન ધાર્મિકવાદ, ન સંપ્રદાયવાદ, ન વૈચારિકવાદ, ન આધ્યાત્મિકવાદ - એ અનાગ્રહી ચિત્તવાળા માનવતાના ઉપાસકોની આજે જરૂર છે. જેને નેતા બનવું નથી, પણ જીવનસાધક બનીને દેશને કાજે જીવન ખરચી નાખવું છે, એવી જમાત આપણે ખડી કરવાની છે.

હજાર લોકને પ્રવચનોમાં જતાં હું જોઉં છું, મંદિરો-મસ્જિદોમાં જતાં જોઉં છું, તો હું ભીતર ને ભીતર કંપી ઊઠું છે. મોટામોટા આધ્યાત્મિક પ્રવચનોમાં, સત્સંગો અને શિબિરોમાં જઈને હજારો લોકો બેસે છે. આધ્યાત્મિક જિજ્ઞાસા પણ જો જમાનાની એક ફૅશન બની રહે, અસંસ્કારી ને ધંધાદારી પ્રવૃત્તિ બની રહે, તો પછી દુઃખનો કોઈ અંત નહીં રહે. સારી વ્યક્તિને જોવી, એના સારા સારા વિચારો સાંભળવા, ત્યાં જ જો અટકી જવાનું હોય તો તો સમાજમાં એક નવા પ્રકારનો દંભ ફેલાય છે.

માણસ પોતાની જાતને વફાદાર રહે અને જેવો અંદર છે તેવો જ બહાર રહે તો દુનિયાના મોટા ભાગના પ્રશ્નોનું તરત નિવારણ આવી શકે. 'દલા તરવાડી'ની વાર્તા આપણે બધાએ સાંભળી છે :

દલા તરવાડીએ રીંગણાં તોડવાં વાડીને પૂછેલું કો, બોલ ભાઈ,રીંગણું એક લઉં કે બે-પાંચ ? અને વાડી વતી પોતે જ જવાબ આપેલો કે, લેને ભાઈ પાંચ-પચાસ ! પરિણામે એને કૂવામાં કેટલીક ડૂબકીઓ ખાવી પડેલી.

દલા નામનો કોઈ તરવાડી હતો કે કેમ, તે કોઈ જાણતું નથી. પણ તે હતો જ અને અત્યારે પણ છે એમ કહેવામાં અસત્ય નથી.

સાહેબ પોતાને પૂછે છે કે, 'પટાવાળા પાસે ઘરકામ કરાવું કે નહીં?' અને પોતે જ જવાબ આપે છે, 'અરે, કરાવને પૂરા ચૌદ કલાક!'

કોન્ટ્રાક્ટર પોતે જ પૂછે છે : 'સિમેન્ટમાં પાંચ ટકા કાંકરી વધારે નાખું કે નહીં?' અને પોતે જ જવાબ આપે છે, 'અરે, નાખને પંદર - પચ્ચીસ ટકા!'

ગામડાનો માસ્ટર પોતાને જ પૂછે છે કે, 'છોકરાને એકાદ સોટી મારું કે ?' અને પોતે જ જવાબ આપે છે, 'અરે મારને એક સાથે બે-પાંચ સોટી !'

વેપારી પોતાને પૂછે છે, 'માલની અછત છે - નફો પચ્ચીસ ટકા લઉં કે પાંત્રીસ ટકા?' અને પોતે જ જવાબ આપે છે, 'અરે મળતો હોય તો લેને પચાસ - પોણોસો ટકા !'

કારકુન કહે છે, 'આ પતરાંની અરજી કરનારને એક ધક્કો ખવાડું કે બે - પાંચ ?' અને પોતે જ જવાબ આપે છે, 'અરે, ખવાડને પચાસ ધક્કા - કયો કાકો ના પાડે છે!'

ભિખારી પોતાને પૂછે છે, 'શેઠ પાસે પૈસો માગું કે આનો ?' અને પોતે જ બેધડક જવાબ આપે છે, 'અરે, માગ ને પૂરી પાવલી જ ! માગવામાં શું જાય છે?'

સુધરાઈ પોતાને જ પૂછે છે, 'સરકાર પાસે હજારની ગ્રાંટ માંગવી કે દસ હજારની ?' અને પોતે જ નક્કી કરે છે, 'અરે, માગોને પૂરો અર્ધા લાખની ! માગવામાં શું જાય છે?'

મહાસત્તાઓના મોવડીઓ પોતાને જ પૂછે છે, 'વિશ્વશાંતિ માટે એટમ બોમ્બ બનાવીએ કે હ્રાઈડ્રોજન બોમ્બ ?' અને જાણો પોતે જ પોતાને જવાબ આપતા જણાય છે, 'અરે ત્રેવડ હોય તો બસો-પાંચસો હાઈડ્રોજન બોમ્બ જ બનાવી નાખોને!'

આપણી આ મનોવૃત્તિ આપણે પોતે જ બદલી શકીએ તેમ છીએ. દુનિયામાં બધે ભ્રષ્ટાચાર અને છેતરપીંડી જોનારા આપણે પોતે કેવા છીએ એ જયારે આપણને સમજાઈ જશે ત્યારે દુનિયામાં એક નવું પ્રભાત ઉગશે અને માનવી પણ કુદરતના અન્ય સર્જન સમો સરળ અને એકસરખો બની રહેશે!

- nehalgadhavi101@gmail.com

નાગાલેન્ડમાં બળવાખોરો બેપાંદડે થતાં ગૂંચવાયેલું કોકડું

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ઈશાન ભારતમાં બધું સમુસૂતરું નથી એ વાતનો ભડકો કોહિમાથી મળતા માઠા વાવડ સ્પષ્ટ કરે છે. નેશનલ સોશિયલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેંડ (એનએસસીએન)ના સૌથી પ્રભાવી બળવાખોર જૂથ "આઈએમ" થકી અલગ બંધારણ અને અલગ રાષ્ટ્રધ્વજ સાથેના મનાતા ૨૦૧૫ના ભારત સરકાર સાથેના શાંતિકરારનો અમલ નહીં કરાયા અંગે ઉહાપોહ મચાવાયો છે. વળી, રાજયપાલ આર.વી.રવિને બદલવાની માંગણી પણ કરાઈ રહી છે. "વિશાળ નાગાલિમ"માં વર્તમાન નાગાલેંડ ઉપરાંત મણિપુર, અરુણાચલ પ્રદેશ,આસામ સહિતનાં રાજ્યોના નાગા બહુલ પ્રદેશોને સામેલ કરવાની માંગણી પણ થઈ રહી છે. અત્યારની

રાજ્ય સરકારમાં ભાજપની સહભાગિતા હોવા છતાં મૂળ કોંગ્રેસી ગોત્રના મુખ્યમંત્રી રીઓ અને રાજયપાલ રવિ વચ્ચે અંટસ પડી છે. અગાઉની કોંગ્રેસ સરકારો પણ જેમ બળવાખોરોમાં ભાગલા પડાવીને એમને નબળા પાડવાની નીતિ અનુસરતી હતી એ દિશામાં વર્તમાન સરકાર પણ આગળ વધે એ સ્વાભાવિક હોવા છતાં આ વખતે બે મહત્વનાં પરિબળો અસરકારક બનવાની ચિંતા દિલ્હીએ પણ કરવી પડે તેમ છે. સામાન્ય રીતે ઈશાન ભારતના બળવાખોરોને શસ્રો પહોંચાડવામાં ચીનની ભૂમિકા રહી છે. આમ પણ, અત્યારે ચીન ભારતથી વંકાયેલું છે અને મળતા વાવડ મુજબ કેટલાંક બળવાખોર નાગા જૂથના નેતાઓ ચીન પહોંચ્યા છે. ચીન નેપાળ અને પાકિસ્તાનને ભારત વિરોધી પ્રવૃત્તિ માટે ઉશ્કેરી રહ્યું છે, એમ અહીંની બળવાખોરીને પણ પ્રોત્સાહિત કરી શકે. વળી, જમ્મૂ-કાશ્મીરને વિશેષ દરજ્જો બક્ષતા ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૭૦ અને કલમ ૩૫ (એ)ને ગત વર્ષે સમાપ્ત કરવા ઉપરાંત એ રાજ્યના અલગ ધ્વજને પણ રદ કરવાના કેન્દ્ર સરકારના પગલા છતાં હજુ હમણાં જ ભાજપ સિવાયના તમામ રાજકીય પક્ષોના નેતાઓ શ્રીનગરમાં મળ્યા અને ૩૭૦ અને ૩૫(એ)ને ફરી બહાલ કરવા સંયુક્ત આંદોલન આદરવાનો સંકલ્પ કરી ચુક્યા છે.



નાગા સમસ્યાનાં જૂનાં મૂળ

છેક ૧૮૨૬માં બ્રિટિશ શાસન હેઠળ આવેલા આસામ પછી નાગા હિલ્સને પણ ૧૮૮૧માં બ્રિટિશ ઈન્ડિયા સાથે જોડી દેવાતાં સ્થાનિક નાગા પ્રજામાં અજંપો વ્યાપ્યો હતો. ૧૯૧૮માં નાગા ક્લબના માધ્યમથી નાગા વિરોધ ભભૂક્યો તથા ૧૯૨૯માં સાયમન કમિશન સામે નાગા જાતિઓ તરફથી તેમને નહીં છંછેડવાની રજૂઆત થઈ હતી. ૧૯૪૬માં એ.ઝેડ. ફિઝોના નેતૃત્વમાં નાગા નેશનલ કાઉન્સિલ રચાઈ અને ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ નાગાલેન્ડને સ્વતંત્ર દેશ જાહેર કરવામાં આવ્યો હતો. ૧૯૫૧માં નાગા પ્રજાનો "જનમત" લેવાયો અને ૯૯ ટકાએ સ્વતંત્ર રાષ્ટ્ર નાગાલેન્ડની તરફેણ કરી હતી. ૨૨ માર્ચ ૧૯૫૨ના રોજ ફિઝોએ ભૂગર્ભ ચળવળ શરૂ કરવા માટે નાગા ફેડરલ ગવર્નમેન્ટ

- **શ્રીનગરમાં ભાજપ સિવાયના પક્ષોનો વિરોધ સૂર**
- **નાગા સમસ્યા ઉકેલાવાની આશા ઊલવા માંડી**
- **ભાગલા પાડવાની દિલ્હીનીતિ સામે રોષ ભભૂક્યો**

અને નાગા ફેડરલ આર્મીની રચના કરી હતી. ભારત સરકારે લશ્કર પાઠવીને બળવાખોરીને કચડી નાંખવા ઉપરાંત લશ્કરી દળોને વિશેષ અધિકાર આપતા કાયદાનો અમલ કરાવ્યો એટલે લશ્કરી અત્યાચારોની ફરિયાદો ઊઠવા માંડી. દરમિયાન, આસામના રાજયપાલ અકબર હૈદરીએ ૨૯ જૂન ૧૯૪૭ના રોજ નાગાઓના મવાળ જૂથના નેતાઓ ટી.સાખીરે અને અલીબા ઈમ્તી સાથે નવ મુદ્દાના કરાર કર્યા,પણ ફિઝોના પ્રભાવી જૂથે એને ફગાવી દીધા. લોકનાયક જયપ્રકાશ નારાયણ, આસામના મુખ્યમંત્રી બિમલ પ્રસાદ ચાલીહા અને ફાધર માઈકલ સ્કોટના પ્રયાસોથી શાંતિના કરાર થયા પણ હિસક અથડામણો અટકી નહીં. ૧૧ નવેમબર ૧૯૭૫માં અમુક બળવાખોર નાગા નેતાઓ સાથે સરકારે શિલાંગ કરાર કર્યા અને શસ્રનો માર્ગ છોડવાનું કબૂલ રાખવાની ભૂમિકા તૈયાર કરાઈ,પણ એ વેળા ચીનમાં રહેલા ટી. મુઈવાએ શિલાંગ કરારને માનવાનું નકાર્યું. તેમણે ઈસાક ચિસી અને એસ.એસ.ખાપલંગ સાથે મળીને ૧૯૮૦માં એનએસસીએનની સ્થાપના કરી. એમાં ૧૯૮૮માં ભાગલા પડ્યા.બંને જૂથ આપસમાં લડતાં રહ્યાં.ફિઝોનું ૧૯૯૧માં લંડનમાં મૃત્યુ થતાં એનએસસીએન(આઈએમ) જૂથ સૌથી પ્રભાવી બનીને ધાર્યું કરાવી રહ્યું છે. આવતા દિવસોમાં એને ફરી મંત્રણાના ટેબલ પર લાવવામાં નહીં આવે તો વધુ ખાનાખરાબી થવાના સંજોગો છે.

લશ્કરી પગલું ઉકેલ નથી

ખ્રિસ્તી બહુલ રાજ્ય નાગાલેન્ડ સહિતનાં ઈશાન ભારતનાં રાજ્યોને બંધારણના અનુચ્છેદ ૩૭૧ અન્વયે જે વિશેષાધિકાર કે વિશેષ દરજ્જો મળે છે એને પણ કેન્દ્ર સરકાર સમાપ્ત કરે એવી ચર્ચા ભારે અજંપો સર્જે છે. કેન્દ્ર તરફથી આવું નહીં કરાય એવું વારંવાર સ્પષ્ટ કરાયા છતાં ૩૭૧ને દૂર કરવામાં આવે એવી ધાસ્તી હજુ ઓછી થઈ નથી. બળવાખોરો પણ પ્રજામાંના આ અજંપાનો લાભ ઉઠાવવા માંગે છે. ચીની અટકચાળા અને મ્યાનમારમાં બળવાખોરોને મળતા આશ્રય થકી ફરીને ત્રાસવાદી પ્રવૃત્તિ અને ભારતથી અળગા થવાની ભાવના ઉશ્કેરાય એવા સંજોગો આકાર લઈ રહ્યા છે. વાત વણસે એ પહેલાં દિલ્હીએ તાત્કાલિક આ મુદ્દે પગલાં લેવાં પડે. અહીં માત્ર લશ્કરી પગલાં ચાલી શકે તેમ નથી કારણ ભૂતકાળમાં ૧૯૫૫માં વડાપ્રધાન પંડિત નેહરુએ લશ્કર પાઠવવાનું પગલું ભર્યાના ઘા હજુ આળા જ છે. મામલો નાજુક છે. જનભાવના તીવ્ર છે. નાગા પ્રજાની સંગઠિત ભૂમિકા અને ચર્ચની ભૂમિકા સામે ભારત સરકારે કડકાઈને બદલે કુનેહથી જ કામ લેવું પડે તેમ છે, અન્યથા વાતનું વતેસર થઈ જવાની શક્યતા વધુ છે. મામલો આઝાદી કાળ પૂર્વેનો છે અને ભલભલા ચાણક્ય ગણાતા નેતાઓ એને આજ દિવસ લગી ઉકેલી શક્યા નથી. અમેરિકામાં ૫૦ રાજ્યો અને ૫૧ બંધારણ તેમ જ પ્રત્યેક રાજ્યના અલગ ધ્વજ હોવા છતાં અમેરિકા સૌથી મજબૂત રાષ્ટ્ર રહ્યું છે. આ બાબત પણ ભારતના ફેડરલ માળખા અને લોકતાંત્રિક અધિકારોના નિષ્ણાતો આગળ કરી રહ્યા છે. કર્ણાટક રાજ્યના ધ્વજ મુદ્દે પણ ભારે ઉહાપોહ મચ્યો હતો.

અટલ-મોદીએ સર્જેલો આશાવાદ

હજુ વર્ષ ૨૦૧૫માં નાગા બળવાખોરોના સૌથી પ્રભાવી સંગઠન એનએસસીએન(આઈએમ) સાથે જોરશોરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા "અપ્રગટ" શાંતિ કરાર દ્વારા તેઓ સદગત વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ કરેલી ગુડવિલની પાયાભારણી પર શાંતિ સ્થપાય એવો માહોલ સર્જશે,એનો આશાવાદ જગાવી શક્યા હતા. એમણે પોતાના નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને નિવૃત્ત આઈપીએસ અધિકારી આર.વી. રવિને પદ્મનાભ આચાર્યને સ્થાને રાજ્યપાલ તરીકે પાઠવ્યા અને મંત્રણાઓ માટેના વિષ્ટિકાર તરીકેની જવાબદારી પણ સોંપી એટલે શરૂઆતના શંકાસ્પદ વાતાવરણ પછી નવો આશાવાદ પણ જગાવ્યો હતો. આ એ જ રવિ છે જેમણે અગાઉના વિષ્ટિકાર અને કેન્દ્રના ગૃહ સચિવ રહેલા પદ્મનાભૈયાને નાગા બળવાખોરોના હિતમાં કામ કરનાર લેખાવ્યા હતા એટલે નાગા નેતાઓ છાસ પણ ફૂંકીને પીવા માટે પ્રેરાતા હતા. જોકે વર્ષ ૨૦૧૫ના એ સમજૂતીના મુસદ્દા અંગે કરારનામા પર હસ્તાક્ષર કરવા માટે હોસ્પિટલના બિછાનેથી "મહાત્મા" ઈસાક ચિસીને લવાયા હતા કારણ એમનો પ્રભાવ એટલો કે નાગાલેન્ડના તમામ ૬૦ ધારાસભ્યો એમના ઈશારે રાજીનામાં આપવા તૈયાર થાય. એમની સાથે ૫૦ કરતાં વધુ સમયથી કામ કરનારા આ નાગા બળવાખોરોના સૌથી પ્રભાવી સંગઠનના મહામંત્રી અને મૂળ મણિપુરના નાગા નેતા ટી. મુઈવા શાંતિ પ્રસ્થાપિત કરાવી શકે એવી સ્થિતિ હતી. કરાર થયાના બીજા જ વર્ષે ઈસાકનું મૃત્યુ થયું અને મુઈવાની ઉંમર પણ ૮૦ને આંબવામાં છે અને

અનુસંધાન પાના નં ૭ પર